live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



■ સવાર હોય કે સાંજ પાલ-ઉમરા બ્રિજના પાલ તરફના છેડે પોલીસ બેરિકેડ મારી દે છે અને પછી પોતે મોબાઈલ જોવામાં મશગુલ થઈ જાય છે. ઈન્સેટમાં મોબાઈલ રમતો ટ્રાફિક બ્રિગેડ દેખાય છે.



■ બોમ્બે માર્કેટ,ચાર રસ્તા પર કેટલાય સમયથી ટ્રાફિક સિગ્નલ બંધ છે



■ નવસારી બજારથી કોટસફિલ રોડ તરફ જવું હોય તો બેરિકેડને કારણે છેક ફરીને જવું પડે છે.



■ સિટીલાઈટ, અણુવ્રત દ્વાર ખાતે જાણે પોલીસે બુદ્ધિનું દેવાળું જ ફુક્યું છે. વાહનચાલકોએ સીધા જવાને બદલે મોટો ચકરાવો મારવો પડે છે.



■ સારોલી કેનાલ રોડ પર ટ્રાફિક સિગ્નલની લાઈટો મોટાભાગે બંધ

**આખું વિશ્વ આજે ૬મી ઓગસ્ટે આંતરરાષ્ટ્રીય ટ્રાફિક લાઈટ દિવસ ઉજવશે પણ**

# સુરતમાં ટ્રાફિક સિગ્નલ લાઈટ બંધ અને બેરિકેડથી પોલીસ ફેરવે છે ગોળગોળ !

**પાલ**-ઉમરા બ્રિજનો પાલ તરફનો છેડો, અણુવ્રતદ્વાર, કેબલ સ્ટેઈડ બ્રિજનો અડાજણ તરફનો છેડાથી માંડીને બધે જ બેરિકેડ

**નવસારી** બજાર ચાર રસ્તા પર પણ બેરિકેડ, લોકો સિગ્નલ પાળવા તૈયાર છે પરંતુ સિગ્નલ નથી અને જ્યાં છે ત્યાં બેરિકેડ મૂકી દેવાયાં છે

સુરતઃ આવતીકાલે તા.5મી ઓગસ્ટના રોજ આખું વિશ્વ આંતરરાષ્ટ્રીય ટ્રાફિક લાઈટ દિવસ ઉજવશે પરંતુ સુરતમાં આની ઉજવણી કરવા જેવું કશુંય જ નથી. સુરતમાં ટ્રાફિકની લાઈટના જ ઠેકાણા નથી. સુરત મનપા દ્વારા કરોડો રૂપિયા ટ્રાફિક સિગ્નલની લાઈટો પાછળ ખર્ચવામાં આવે છે પરંતુ આ ખર્ચ ક્યાં જાય છે તે જ ખબર પડતી નથી. સુરતમાં અનેક ઠેકાણે ટ્રાફિકની લાઈટો ચાલતી જ નથી. હવે તે બંધ કરી દેવાય છે કે પછી તેની મરામત થતી નથી કે પછી કોઈ બીજું કારણ... મનપાની લાલીયાવાડી જગજાહેર છે પરંતુ સુરતની ટ્રાફિક પોલીસે તો જાણે કામ કરવું જ નથી તેમ ટ્રાફિક સિગ્નલ છે ત્યાં તેને પળાવવાને બદલે સીધા બેરિકેડ જ મારી દેવામાં આવ્યા છે. વાહનચાલકોએ ફરવું પડે તો ભલે પરંતુ પોલીસને ટ્રાફિક નિયમન કરવાની સ્હેજેય પડી નથી. ઉપરથી બેરિકેડ લગાડીને પોલીસ મોબાઈલમાં મશગુલ થઈ જાય છે. એકાદ સર્કલ પર હોય તો સમજી શકાય પરંતુ સુરતમાં અનેક સર્કલો પર બેરિકેડ લગાડીને પોલીસ શું કરવા માંગે છે તે જ સમજાતું નથી.

સુરતમાં અનેક સર્કલો એવા છે કે જ્યાં આજે પણ ટ્રાફિક સિગ્નલો બંધ છે. જ્યાં સિગ્નલની જરૂરીયાત છે ત્યાં સિગ્નલો લગાડવામાં આવતા નથી અને અનેક જગ્યાએ જ્યાં સ્હેજેય જરૂર નથી ત્યાં ટ્રાફિક સિગ્નલો લગાડી દેવામાં આવ્યા છે. પાલ રોડ પર પ્રથમ સર્કલ પર વાહનો જ નથી અને વાહનોની વધુ અવરજવર ભાગ્યે જ હોય છે ત્યાં ટ્રાફિક સિગ્નલો લગાડી દેવામાં આવ્યા છે. જાણે નાણાં ખર્ચવા ખાતર જ આ સિગ્નલો લગાડવામાં આવ્યા છે. અનેક સર્કલો પર તો

**જ્યાં જુઓ ત્યાં ટ્રાફિક સિગ્નલ બંધ જ હોય છે, મનપાને જાણે માત્ર ભ્રષ્ટાચારમાં જ રસ, પોલીસને તો કામ જ કરવું નથી. બેરિકેડ લગાડીને લોકોને ગોળગોળ ફેરવવાના અને પોતે મોબાઈલમાં મશગુલ રહેવાનું**

...અનુસંધાન પાના 9 પર

# કેનેડા-આફ્રિકામાં રહેતાં પતિ-પત્નીના વિડીયો કોન્ફરન્સિંગથી છૂટાછેડા મંજૂર

**દંપતીએ** પાવર ઓફ એટર્ની દ્વારા છૂટાછેડાનો દાવો દાખલ કર્યો હતો, વિડીયો કોન્ફરન્સિંગથી બન્નેની જુબાની લેવામાં આવી

**સુરત** કોર્ટે ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને આધારે કરી ન્યાયિક કાર્યવાહી

સુરતઃ ટેકનોલોજીના યુગમાં ન્યાયિક પ્રક્રિયામાં પણ ડિજિટલ માધ્યમનો ઉપયોગ વધી રહ્યો છે. તેનો અનોખો દાખલો સુરત કોર્ટમાં જોવા મળ્યો છે, જ્યાં કેનેડામાં રહેતી પત્ની અને સિએરા લિઓન (વેસ્ટ આફ્રિકા)માં રહેતા પતિને વિડીયો કોન્ફરન્સિંગ મારફતે છૂટાછેડા મંજૂર કરવામાં આવ્યા હતા. અલગ-અલગ દેશોમાં રહેતા આ દંપતીએ પાવર ઓફ એટર્ની દ્વારા છૂટાછેડાનો દાવો દાખલ કર્યો હતો, જેને કોર્ટે અંતે મંજૂરી આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના મહિધરપુરા વિસ્તારમાં રહેતા રાહુલ (નામ બદલેલ)ના વર્ષ 2015માં ઉત્રાણ ખાતે રહેતી સીમા (નામ બદલેલ) સાથે લગ્ન થયા હતા. લગ્નજીવન દરમિયાન બંને વચ્ચે મતભેદો સર્જાતા તેઓ માર્ચ-2023થી અલગ રહેવા લાગ્યા હતા. ત્યારબાદ પતિ રોજગાર માટે સિએરા લિઓન (વેસ્ટ આફ્રિકા) અને પત્ની કેનેડા સ્થાયી થયા હતા. કાયમી રીતે અલગ થવાનો નિર્ણય કર્યા બાદ બંનેએ પાવર ઓફ એટર્ની મારફતે સુરત કોર્ટમાં છૂટાછેડાનો દાવો દાખલ કર્યો હતો. પતિ તરફથી એડવોકેટ દેવાંગ કંસારા અને પત્ની તરફથી એડવોકેટ અશ્વિન જોગડિયાએ રજૂઆત કરી હતી. કોર્ટ કાર્યવાહી દરમિયાન વધુ પુરાવાના તબક્કે બંને પક્ષકારોને રૂબરૂ અથવા સંબંધિત દેશની એમ્બેસી મારફતે હાજર રહી સોગંદનામું કરવાની પ્રક્રિયા અંગે પ્રશ્ન ઊભો થયો હતો. ત્યારે બંને પક્ષના વકીલોએ ગુજરાત હાઇકોર્ટના મહત્વપૂર્ણ ચુકાદાનો સંદર્ભ આપી વૈવાહિક વિવાદના કેસોમાં ડિજિટલ વિકલ્પ અપનાવી વીડિયો કોન્ફરન્સિંગ મારફતે આગળની કાર્યવાહી કરવાની રજૂઆત કરી હતી. કોર્ટ દ્વારા રજૂઆત સ્વીકારવામાં આવતા પતિ-પત્નીની વીડિયો કોન્ફરન્સિંગ મારફતે જુબાની લેવામાં આવી હતી. જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કોર્ટે છૂટાછેડાનો દાવો મંજૂર કરી બંનેને કાયદેસર રીતે અલગ થવાની મંજૂરી આપી હતી. વધુમાં એડવોકેટ અશ્વિન જોગડિયાએ જણાવ્યું હતું કે, એપ્રિલ-2026માં ગુજરાત હાઇકોર્ટે ઓસ્ટ્રેલિયામાં રહેતા પતિની જુબાની વીડિયો કોન્ફરન્સિંગ

...અનુસંધાન પાના 9 પર

# હવે કેવી રીતે ભણશે?! ખાડીપૂરમાં 1 લાખથી વધુ પાઠ્યપુસ્તકો પલળી ગયાં

**લિંબાયત**, ઉધના અને વરાછાના 8 હજાર ગરીબ વિદ્યાર્થીઓનાં નોટબુક, ગણવેશ પૂરના પાણીમાં નાશ પામ્યા

**રાજ્ય** સરકારને પત્ર પાઠવીને તાત્કાલિક ધોરણે 1,01,200 જેટલાં નવાં પાઠ્યપુસ્તકો પૂરાં પાડવા રજૂઆત



સુરતઃ શહેરમાં એક જ મહિનામાં પડેલા 60 ઈંચ જેટલા રેકોર્ડબ્રેક વરસાદ અને ત્રણ-ત્રણ વખત આવેલી ખાડીપૂરની આપત્તિને કારણે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હેઠળ અભ્યાસ કરતાં હજારો વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર પડી છે. શહેરના લિંબાયત, ઉધના અને વરાછા જેવા નિચાણવાળા વિસ્તારોમાં 5થી 8 ફૂટ સુધી પાણી ભરાઈ જતાં ગરીબ અને શ્રમજીવી પરિવારોની ઘરવખરી સાથે બાળકોના પાઠ્યપુસ્તકો, નોટબુક, ગણવેશ અને બૂટ-મોજાં પૂરના પાણીમાં નાશ પામ્યા હતા. પૂર ઓસર્યા બાદ વાલીઓ પલળેલા પુસ્તકો સૂકવવાનો અસફળ પ્રયાસ કરતાં નજરે પડ્યા હતા.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કરાયેલા ખાસ સરવેમાં બહાર આવ્યું છે કે અંદાજે 7થી 8 હજાર જેટલા વિદ્યાર્થીઓના 1 લાખથી વધુ પાઠ્યપુસ્તકો ખરાબ થઈ ગયા છે,

...અનુસંધાન પાના 9 પર

**સુરતમાં વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો**

# મોબાઈલ બંધ કરી હોમવર્ક કરવા કહ્યું, તો 13 વર્ષીય બાળકે ફાંસો ખાઈ લીધો

**મૂળ** ઓડિશાના વતની અને સુરતમાં વેડ રોડ વિસ્તારમાં રહેતા અમરસિંગ નિષાદનો પુત્ર અંકિત મોબાઈલ ગેમમાં જ વ્યસ્ત રહેતો હતો

**સોમવારે** પણ માતા-પિતાએ મોબાઈલ ગેમ બંધ કરીને હોમવર્ક કરવા માટે કહેતાં પોતાના રૂમમાં જઈ આપઘાત કર્યો

સુરતઃ વેડરોડના લક્ષ્મીનગર વિસ્તારમાં રહેતા 13 વર્ષીય વિદ્યાર્થીએ માતા-પિતાએ મોબાઈલમાં ગેમ રમવાનું બંધ કરીને હોમવર્ક કરવા જણાવ્યું હતું. આ સામાન્ય લાગતી વાત બાદ બાળક એટલો વ્યથિત અને ગુસ્સે થયો કે તેણે પોતાના રૂમમાં જઈ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું. આ ઘટનાથી સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે, જ્યારે આસપાસના વિસ્તારમાં પણ ભારે દુઃખ અને સ્તબ્ધતા જોવા મળી રહી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઓડિશાના રહેવાસી અને હાલમાં સુરતના વેડરોડ વિસ્તારમાં વસવાટ કરતા અમરસિંગ નિષાદ લુમ્સ ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં પત્ની, એક પુત્રી અને 13 વર્ષીય પુત્ર અંકિતનો સમાવેશ થતો હતો. અંકિત સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વેડરોડ શાળા નંબર-331માં ધોરણ-7માં અભ્યાસ કરતો હતો. પરિવારજનોના જણાવ્યા

...અનુસંધાન પાના 9 પર

# સુરતમાં વરસાદનો વિરામ પણ તાપમાન સતત ત્રીજા દિવસે વધ્યું

**વાદળછાયા** વાતાવરણ છતાં બફારામાં વધારો; 12 ઓગસ્ટ સુધી ભારે વરસાદની શક્યતા નથી

સુરતઃ શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદે વિરામ લીધો હોવાથી વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેવા છતાં વચ્ચે વચ્ચે સૂર્યના દર્શન થતાં ગરમી અને બફારામાં વધારો અનુભવાઈ રહ્યો છે. વરસાદ ન પડતાં શહેરના મહત્તમ તાપમાનમાં સતત ત્રીજા દિવસે વધારો નોંધાયો છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, આજે શહેરનું મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 32 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 27.2 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. તાપમાનમાં વધારા સાથે હવામાં ભેજનું પ્રમાણ પણ ઊંચું રહેતાં લોકોને દિવસભર ઉકળાટ અને બફારાનો અનુભવ થયો હતો. આજે શહેરમાં હવામાં 82 ટકા ભેજ નોંધાયો હતો, જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન પ્રતિ કલાક 8 કિલોમીટરની ઝડપે ફૂંકાયો હતો. ભેજનું ઊંચું પ્રમાણ અને વાદળછાયું વાતાવરણ હોવા છતાં વરસાદ ન

...અનુસંધાન પાના 9 પર

# નવા જ બનેલા વેસુ કેનાલ રોડ પર મસમોટો ભૂવો પડ્યો

**કોન્ટ્રાક્ટરની** નબળી કામગીરી સામે સ્થાનિકોમાં ભારે રોષ



સુરતઃ શહેરમાં છેલ્લા એક મહિનામાં પડેલા રેકોર્ડબ્રેક ભારે વરસાદ બાદ હવે રસ્તાઓ ધોવાઈ જવાની અને ભૂવા પડવાની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. વરસાદે વિરામ લેતાં જ શહેરના પોશ ગણાતા વેસુ કેનાલ રોડના મધ્યભાગમાં મંગળવારે અચાનક એક મસમોટો ભૂવો પડી જતાં વાહનચાલકોને હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. એ સાથે જ સુરક્ષા સામે મોટા પ્રશ્નાર્થ ઊભા થયા હતા. ઘટનાની જાણ થતાં જ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. કોઈ મોટો અકસ્માત કે હોનારત ન સર્જાય તે માટે સુરક્ષાના ભાગરૂપે ભૂવાની આસપાસ બેરિકેડિંગ કરીને વિસ્તારને કોર્ડન કરાયો હતો અને

...અનુસંધાન પાના 9 પર

# ધારાસભ્યની ઓફિસમાં જ થઇ કમિટી ચેરમેન, કોર્પો.ના પતિ વચ્ચે 'ધબાધબી'

**વરાછામાં** ભાતની વાડીની બેઠકમાં કોર્પો. જયશ્રી વોરાના પતિએ મહેન્દ્ર દેસાઈ પર આક્ષેપો કર્યા

**આક્ષેપોને** પગલે મહેન્દ્ર દેસાઈએ પણ જવાબો આપતાં પહેલા બોલાચાલી અને બાદમાં મારામારી થઈ

**ધારાસભ્ય** કાંતિ બલરે છૂટા પાડ્યા, એકને આંગળીમાં ફ્રેક્ચર થયાની પણ ચર્ચા

સુરતઃ સુરત ભાજપમાં 'કોંગ્રેસીકરણ' થવાના આક્ષેપો વચ્ચે હવે આંતરિક મતભેદો બંધ બારણાં પાછળ રહેવાને બદલે સપાટી પર આવી રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. સુરત ઉત્તર વિધાનસભા વિસ્તારમાં પ્રજાના પ્રશ્નો ઉકેલવા યોજાયેલી એક બેઠક નેતાઓ વચ્ચેના 'અંતરંગ સંવાદ'થી શરૂ થઈને સીધી હાથાપાઈ સુધી પહોંચી ગઈ હતી. પરિણામે, લોકોના પ્રશ્નો કોરાણે રહી ગયા અને શાસક પક્ષના નેતાઓ વચ્ચેના 'સંકલન'ની વાસ્તવિક તસવીર છતી થઈ હતી.

મળતી માહિતી મુજબ, સુરત ઉત્તરના ભાજપ ધારાસભ્ય કાંતિભાઈ બલરના કાર્યાલય ખાતે ભાતની વાડી વિસ્તારના સ્થાનિક પ્રશ્નો અંગે એક બેઠક બોલાવવામાં આવી હતી. સોસાયટીના આગેવાનો પોતાની રજૂઆતો કરીને નીકળ્યા બાદ બેઠકનો માહોલ અચાનક બદલાઈ ગયો હતો. વિકાસના મુદ્દાઓથી શરૂ થયેલી ચર્ચા સીધી ટીપી કમિટીના ચેરમેન મહેન્દ્ર દેસાઈ અને મહિલા કોર્પોરેટર જયશ્રીબેન વોરાના પતિ મનહર વોરા વચ્ચેના આરોપ-પ્રત્યારોપ સુધી પહોંચી ગઈ હતી. મનહર વોરાએ મહેન્દ્ર દેસાઈ પર કોર્પોરેટરો સાથે યોગ્ય સંકલન ન રાખવાનો, વિવિધ કાર્યક્રમોમાં આમંત્રણ ન આપવાનો અને

...અનુસંધાન પાના 9 પર

**12મી ઓગસ્ટની રાત બનશે ખાસ, સર્જાશે અદભૂત ખગોળીય દુર્લભ ઘટનાઓ**

# આકાશમાં ઉલ્કાવર્ષા, એકસાથે છ ગ્રહ દેખાશે

**આ** જ દિવસે ખગ્રાસ સૂર્યગ્રહણ, પણ ભારતમાં નહીં દેખાય

**માત્ર** મંગળ અને શનિ જ ખુલ્લી આંખે સ્પષ્ટપણે જોઈ શકાશે



સુરતઃ આગામી 12 ઓગસ્ટ, 2026નો દિવસ અને તેની રાત્રિ ખગોળવિજ્ઞાનના રસિયાઓ માટે અત્યંત વિશેષ અને યાદગાર બનવાના છે. એક જ દિવસે અનેક દુર્લભ ખગોળીય ઘટનાઓ સર્જાવાની હોવાથી આ તારીખને વર્ષના સૌથી રસપ્રદ ખગોળીય પ્રસંગોમાંની એક માનવામાં આવી રહી છે. આ તમામ ઘટનાઓ ભારતમાંથી જોવા મળશે જ એવું નથી. કેટલીક ઘટનાઓ નજરે પડશે, જ્યારે કેટલીક ભારતમાંથી અદૃશ્ય રહેશે.

12 ઓગસ્ટે અમાસ હોવાથી ચંદ્ર સંપૂર્ણપણે અદૃશ્ય રહેશે. એ જ દિવસે ખગ્રાસ સૂર્યગ્રહણ પણ સર્જાશે. આ સૂર્યગ્રહણ ભારતમાં જોવા મળશે નહીં. તેથી ભારતીય આકાશપ્રેમીઓ આ ઘટનાનો સીધો અનુભવ કરી શકશે નહીં. પરંતુ તે જ રાત્રે આકાશમાં યયાતિ ઉલ્કાવર્ષાનું મનોહર દૃશ્ય જોવા મળશે. અનુકૂળ હવામાન અને પ્રકાશ પ્રદૂષણથી દૂરના વિસ્તારોમાં આકાશમાં તૂટતા તારાઓ જેવી અનેક ઉલ્કાઓ નિહાળવાનો અવસર મળશે. ખગોળપ્રેમીઓ માટે આ સૌથી આકર્ષક ઘટના બની શકે છે. આ ઉપરાંત 12 ઓગસ્ટની વહેલી સવારે સૂર્યોદય પહેલાં પૂર્વ દિશાના આકાશમાં એકસાથે છ ગ્રહો જોવા મળશે. તેમાંના માત્ર મંગળ અને શનિ જ ખુલ્લી આંખે સ્પષ્ટપણે જોઈ શકાશે. બાકીના ગ્રહોને જોવા માટે દૂરબીન અથવા ટેલિસ્કોપની જરૂર પડશે. આ રીતે 12 ઓગસ્ટે ''કંઈક દેખાશે અને કંઈક નહીં દેખાય'' એવી અનોખી પરિસ્થિતિ સર્જાશે. એક તરફ ભારતમાંથી સૂર્યગ્રહણ નજરે નહીં પડે, તો બીજી તરફ ઉલ્કાવર્ષા અને ગ્રહોની વિશેષ ગોઠવણી આકાશપ્રેમીઓને કુદરતના અદ્ભુત નજારાનો સાક્ષી બનવાની તક આપશે. ખગોળવિજ્ઞાનના જાણકારોના જણાવ્યા મુજબ, સ્વચ્છ આકાશ અને અનુકૂળ

...અનુસંધાન પાના 9 પર


**તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



કર્તવ્ય પરાયણ માનવીના જીવનનો
અંત કદી થતો નથી,
આપ આદર્શના રૂપમાં અને કર્તવ્યની નિષ્ઠામાં
સદા સર્વદા જીવંત, પ્રેરણાદાયક અને શાશ્વત થઈને
અમારી વચ્ચે વસેલા છો.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ
શાંતિ આપે એવી સહૃદયથી પ્રાર્થના...

સ્વ.ગં.સ્વ. લક્ષ્મીબેન
નરોત્તમભાઇ પટેલ (દાળિયા)
સ્વ. તા. ૦૫/૦૮/૨૦૨૩

લિ.
નિલેશ મોરારજીભાઈ દેસાઈ

**ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્નેહથી સિંચેલા તમારા બાગમાં અમે પંખી બની કિલ્લોલ કરતા હતા, નિર્ભય હતા તમારી છત્રછાયામાં, મસ્ત બની ઉડા-ઉડ કરતા હતા. ન હતી ફિકર ન હતી ચિંતા, તમે અમારી ઢાલ બની બેઠા હતા. સ્મૃતિના અતિતમાં સરકી જઈ અમને દિશા-શૂન્ય બનાવી દીધા. છાને ખૂણે અશ્રુ વહાવી સ્મરીયે અમે આપને. આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એજ અંતરની પ્રાર્થના.

સ્વ.પ્રાણલાલ
ભગવાનદાસ કાપડીયા
સ્વ.તા.05/08/2023
અધિક શ્રાવણ વદ ચોથ

લિ.
સ્વ.અ.સૌ. વાસંતીબેન પ્રાણલાલ કાપડીયા
હેમંત પ્રાણલાલ કાપડીયા | નારાયણ પ્રાણલાલ કાપડીયા
નીના હેમંતકુમાર કાપડીયા | જાગૃતિ નારાયણ કાપડીયા
કિશન હેમંતકુમાર કાપડીયા | ખુશી નારાયણ કાપડીયા
તથા સમસ્ત કાપડીયા પરિવાર...
એ/૫, નવરચના સોસાયટી, ભટાર રોડ, સુરત.

**અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં સદેહે તમે નથી એ સચ્ચાઈ છે પણ અસ્તિત્વમાં તમે છો અને કાયમ રહેશો એજ વિશ્વાસ છે પ્રભુ આપના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એજ અંતઃકરણ ની પાર્થના...

સ્વ. હરીશભાઈ
વલ્લભભાઈ પટેલ
જન્મ તા. ૦૩-૦૮-૧૯૬૩
સ્વ. તા. ૦૫-૦૮-૨૦૨૧

લિ. ગં.સ્વ. ભાવનાબેન હરીશભાઈ પટેલ - ધર્મપત્ની
મયુર હરીશભાઈ પટેલ- પુત્ર
એકતા પલ્લવકુમાર પટેલ- પુત્રી
જીવા પી પટેલ- દોહીત્રી
પૃથ્વી પી પટેલ- દોહીત્ર
મુકામ મોટીનેશ પો.કરંજ તા. ઓલપાડ, જી. સુરત